સમય સંદેશ
પ્રોપટી લે-વેચ, પ્રોડક્ટ, રોજગાર, જાહેર નોટીસ,વકીલ નોટીસ, પ્રેસનોટ, નામ ચેન્જ જેવી દરેક પ્રકારની જાહેરાત આપવા માટે
સમય સંદેશ કાર્યાલય
૫૩૬-પાંચમો માળ, ઈન્દ્રપ્રસ્થ, પંચેશ્વર ટાવર રોડ, જામનગર-૩૬૧૦૦૧
મો.૮૮૬૬૦૬૬૦૬૦

સમય તમારો, સંદેશ અમારો...

# સમય સંદેશ

શ્રાવણ વદ - ૧૪ ■ તંત્રી : અશોક એલ.રાઠોડ ■ સહ તંત્રી : રાજેશ એ.રાઠોડ

સમગ્ર ગુજરાતમાં વિશાળ વાંચક વર્ગ ધરાવતું જામનગરથી પ્રસિદ્ધ થતું સવારનું દૈનિક અખબાર

**આજનો સુવિચાર**

જીવનમાં ક્યારેય આશા ન ગુમાવો કારણ કે, તમે ક્યારેય જાણતા નથી કે આવતીકાલ શું લાવશે!

વર્ષઃ ૧૧ ● અંકઃ ૨૭૮ ● તારીખઃ ૧૦.૦૯.૨૦૨૬, ગુરૂવાર ● પાનાઃ૪ ● કિંમત રૂા. ૨.૫૦ ● SAMAY SANDESH DAILY MORNING NEWS PAPER ● POSTING: JAMNAGAR STG

E-MAIL: samaysandeshnewstv@gmail.com ● RNI NO. GUJ GUJ/2015/64531 ● POSTAL REGISTERED NUMBER GJN-228 ● OFFICE MOB. NO. 8866066060

# એશિયન ગેમ્સ પહેલા જાપાનના નાગોયામાં આફતઃ ભારે પૂરના કારણે ૪૦૦થી વધુ ખેલાડીઓનું સ્થળાંતર

## નાગોયામાં ૧૮૯૦ પછીનો સૌથી વધુ ૧૦૪.૫ મીમી વરસાદ ખાબક્યો; શોનાઈ નદી માટે 'લેવલ ૫' પૂરનું એલર્ટ જાહેર કરાયું

**સમય સંદેશઃ ડેસ્ક**

વર્ષ ૨૦૨૬ની એશિયન ગેમ્સના આયોજન પૂર્વે જ યજમાન શહેર જાપાનના નાગોયામાં અતિભારે વરસાદના કારણે ભારે હોનારત સર્જાઈ છે. જાપાનના આ મધ્યવર્તી શહેરમાં માત્ર એક જ કલાકમાં આશરે ૧૦૪.૫ મીમી જેટલો રેકોર્ડબ્રેક વરસાદ ખાબક્યો હતો, જે વર્ષ ૧૮૯૦ પછીનો સૌથી વધુ વરસાદ નોંધાયો છે. આ અતિભારે વરસાદના પરિણામે નાગોયા શહેરના મુખ્ય માર્ગો, શોપિંગ ડિસ્ટ્રિક્ટ અને રેલવે લાઇન પાણીમાં ગરકાવ થઈ ગયા હતા.



સ્થિતિની અત્યંત ગંભીરતાને ધ્યાનમાં રાખીને જાપાન હવામાન એજન્સીએ ગિફુ અને આઇચી પ્રીફેક્ચરમાંથી પસાર થતી શોનાઇ નદી માટે સૌથી ભયાનક એવું 'લેવલ ૫' પૂરનું એલર્ટ જારી કર્યું છે. સુરક્ષાના આગોતરા પગલારૂપે, એશિયન ગેમ્સ માટે વહેલા આવી પહોંચેલા આશરે ૪૦૦ જેટલા ખેલાડીઓ અને સપોર્ટ સ્ટાફને તાત્કાલિક સલામત સ્થળે ખસેડવામાં આવ્યા છે. આ ખેલાડીઓ માટે તૈયાર કરવામાં આવેલા કન્ટેનર આવાસ વિસ્તારોમાં પૂરનું પાણી ભરાવાની શક્યતાને પગલે આ ત્વરિત નિર્ણય લેવામાં આવ્યો હતો.


આ વિનાશક પૂરના કારણે સ્થાનિક જનજીવન ભારે પ્રભાવિત થયું છે. નાગોયા શહેરમાં બસ અને સબવે સેવાઓ અસ્થાયી રૂપે બંધ કરી દેવામાં આવી હતી, જ્યારે જેઆર ચુઓ લાઇનના ટ્રેક જળમગ્ન થઈ જતાં વાહનવ્યવહાર ખોરવાયો હતો. પરિસ્થિતિને પહોંચી વળવા આશરે ૩,૫૦૦થી વધુ લોકોએ ઇમરજન્સી શેલ્ટર હોમમાં આશ્રય લેવાની ફરજ પડી છે, જ્યારે આ દુર્ઘટનામાં ૪ લોકોને સામાન્ય ઈજાઓ પહોંચી હોવાના અહેવાલ સાંપડ્યા છે. શહેરમાં

અનુ પાના નં.૨ પર

## એશિયન ગેમ્સ ૨૦૨૬ માટે ભારતનું ૭૬૮ સભ્યોનું ભવ્ય દળ રવાના થશે

જાપાનના આઈચી અને નાગોયા ખાતે યોજાનારી ૨૦મી એશિયન ગેમ્સ માટે ભારત સરકારના રમતગમત મંત્રાલય દ્વારા ૫૦૩ ખેલાડીઓ અને ૨૫૫ સપોર્ટ સ્ટાફ (કોચ, ફિઝિયો, મેડિકલ ટીમ વગેરે) સહિત કુલ ૭૬૮ સભ્યોના વિશાળ ભારતીય દળને મંજૂરી આપવામાં આવી છે. આ રમતોત્સવમાં ભારત કુલ ૩૬ રમતોમાં ભાગ લેશે, જેમાં ૭૯ ખેલાડીઓ સાથે સૌથી મોટું દળ એથ્લેટિક્સનું રહેશે. ભારતીય ટીમનું નેતૃત્વ ટીમ લીડર તરીકે સહદેવ યાદવ અને મુખ્ય મેડિકલ ઓફિસર તરીકે ડો. દિનશો પાર્ડીવાલા કરશે. ક્રિકેટ ક્ષેત્રે, શ્રેયસ અય્યરની કપ્તાની હેઠળની પુરુષ ક્રિકેટ ટીમ ૧૯ સપ્ટેમ્બરે જાપાન જવા રવાના થશે, જ્યારે હરમનપ્રીત કૌરની આગેવાની હેઠળની ભારતીય મહિલા ક્રિકેટ ટીમ ૧૪ સપ્ટેમ્બરે નાગોયા પહોંચી ૧૮ સપ્ટેમ્બરથી સીધા ક્વાર્ટર ફાઇનલથી પોતાના અભિયાનની શરૂઆત કરશે.

# દિલ્હીના લાલ કિલ્લા પાસે થયેલો બ્લાસ્ટ આત્મઘાતી હુમલો હતો, NIAની ચાર્જશીટમાં ઉમર નબી અંગે મોટો ખુલાસો





**સમય સંદેશઃ નવીદિલ્હી**

દિલ્હીના લાલ કિલ્લા નજીક થયેલા વિસ્ફોટ કેસમાં રાષ્ટ્રીય તપાસ એજન્સીએ દાખલ કરેલી ચાર્જશીટમાં અનેક ચોંકાવનારા ખુલાસા થયા છે. તપાસ એજન્સીના જણાવ્યા મુજબ, વિસ્ફોટમાં ઉપયોગમાં લેવાયેલી હ્યુન્ડાઈ કાર વાસ્તવમાં એક 'વ્હીકલ-બોર્ન ઈમ્પ્રોવાઈઝ્ડ એક્સપ્લોઝિવ ડિવાઈસ' એટલે કે કાર બોમ્બ તરીકે વાપરવામાં આવી હતી. ફોરેન્સિક તપાસ દરમિયાન ઘટનાસ્થળેથી TATP, એમોનિયમ નાઈટ્રેટ અને પોટેશિયમ નાઈટ્રેટ જેવા અત્યંત વિસ્ફોટક પદાર્થોના અંશ મળી આવ્યા છે.

ઘટનાસ્થળેથી મળેલા જૈવિક નમૂનાઓની DNA ફિંગરપ્રિન્ટિંગ તપાસમાં મહત્વનો પુરાવો મળ્યો છે. NIAના દાવા અનુસાર, શરીરના ભાગો અને નાકના સેમ્પલની DNA તપાસમાં તેની ઓળખ માસ્ટરમાઇન્ડ ઉમર ઉન નબી તરીકે થઈ છે. એટલે કે, વિસ્ફોટ થયો તે સમયે ઉમર ઉન નબી કારની અંદર જ હાજર હતો. વિસ્ફોટમાં તેનું પણ મૃત્યુ થયું હોવાથી તેની સામેના કાનૂની આરોપો રદ (Abated) કરવામાં આવ્યા છે.

તપાસ દરમિયાન લાલ રંગની ટેપ વાળી એક કમાન્ડ સિસ્ટમ મળી આવી હતી. NIA મુજબ, આ ડિવાઈસનો ઉપયોગ IEDને દૂરથી કે ખાસ કમાન્ડ આપીને એક્ટિવ કરવા માટે કરવામાં આવ્યો હતો. આ સિસ્ટમ વિસ્ફોટ થયેલી કાર નજીકથી મળી આવી હતી.

ચાર્જશીટમાં નૌગામ પોલીસ સ્ટેશન કેસનો પણ ઉલ્લેખ છે. આરોપી મુજમ્મિલ (A-4) ના ફરીદાબાદ સ્થિત અલ-ફલાહ યુનિવર્સિટી નજીકના ભાડાના મકાનમાંથી વિસ્ફોટકો, કેમિકલ્સ, ટાઈમર અને લેબ સાધનો જપ્ત કરવામાં આવ્યા હતા. આ સાધનોની તપાસ માટે તેને નૌગામ પોલીસ સ્ટેશન લાવવામાં આવ્યા હતા, જ્યાં ૧૪ નવેમ્બર ૨૦૨૫ના રોજ અચાનક મોટો બ્લાસ્ટ થયો હતો, જેમાં ૯ પોલીસકર્મીઓના મોત થયા હતા અને ૨૯ લોકો ઘાયલ થયા હતા.

ચાર્જશીટમાં જણાવ્યા મુજબ, આરોપી જસીર બિલાલ વાનીએ યૂટ્યુબ અને ChatGPT ની મદદથી રોકેટ બનાવવાની રીતો શોધી હતી, અને રોકેટ તૈયાર પણ કરી લીધું હતું. વધુમાં, ઉમર ઉન નબીએ જસીરને ૨ ડ્રોન પણ આપ્યા હતા.

NIA એ સ્પષ્ટ કર્યું છે કે, આ બ્લાસ્ટમાં પ્રાથમિક વિસ્ફોટક તરીકે TATP (Tri-Acetone Tri-Peroxide) નો ઉપયોગ થયો હતો. TATP ને 'મધર ઓફ શેતાન' (Mother of Satan) તરીકે પણ ઓળખવામાં આવે છે, જે અત્યંત

અનુ પાના નં.૨ પર

# ધ્રોલ સહિત સૌરાષ્ટ્રમાં મેઘરાજાની પધરામણીઃ સૂકાતા પાકને નવજીવન મળતાં ધરતીપુત્રોમાં હર્ષોલ્લાસ

**સમય સંદેશઃ જામનગર**

જામનગર જિલ્લાના ધ્રોલ તાલુકા સહિત આસપાસના ઈટાળા, ખારવા, માનસર અને હમાપર જેવા ગ્રામ્ય વિસ્તારોમાં લાંબા વિરામ બાદ ગાજવીજ સાથે ધોધમાર વરસાદ વરસ્યો છે. ધ્રોલ પંથક ઉપરાંત અમરેલીના સાવરકુંડલા, ખડસલી, જાફરાબાદ તેમજ ભાવનગરના મહુવા શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાં પણ બપોર પછી વાતાવરણ બદલાતાં મેઘમહેર થઈ હતી. ઈટાળા ગામની શેરીઓમાં વરસાદી પાણી વહેતા થયા હતા. છેલ્લા કેટલાક સમયથી વરસાદ ખેંચાવાના કારણે ખેતરોમાં ઊભો પાક સુકાઈ રહ્યો હતો, પરંતુ આ વરસાદી ઝાપટાંથી પાકને સંજીવની



મળતાં ચિંતાતુર ખેડૂતોના ચહેરા પર ખુશીની લહેર દોડી ગઈ છે.

રાજ્યમાં છેલ્લા એક મહિનાથી વરસાદ ન વરસતાં ૨૩ જિલ્લાઓમાં ૧ થી ૮૯ ટકા સુધીની વરસાદી ઘટ વર્તાઈ રહી છે. અત્યાર સુધીમાં સિઝનનો સરેરાશ ૭૫.૬૨ ટકા વરસાદ નોંધાયો છે, જેમાં દક્ષિણ ગુજરાતમાં ૧૦૪ ટકા સામે સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતમાં માત્ર ૫૬ ટકા વરસાદ થયો છે.

આ પરિસ્થિતિ વચ્ચે હવામાન વિભાગે રાહતના સમાચાર આપ્યા છે. બંગાળની ખાડીમાં સર્જાનારું લો પ્રેશર, સૌરાષ્ટ્ર પરનું અપર એર સાયક્લોનિક સર્ક્યુલેશન અને મોન્સૂન ટ્રફ એમ ત્રણ સિસ્ટમ સક્રિય થવાના કારણે આગામી ૧૨થી ૧૪ સપ્ટેમ્બર દરમિયાન રાજ્યના અનેક વિસ્તારોમાં ભારે વરસાદ થવાની ગોચર શક્યતાઓ વ્યક્ત કરવામાં આવી છે.

# જામનગર ITRA અને હાર્ટફૂલનેસ વચ્ચે ૫ વર્ષના MoU:સર્વગ્રાહી આરોગ્ય અને પર્યાવરણને અપાશે પ્રોત્સાહન; આયુર્વેદ, યોગ અને સંશોધનનો થશે સમન્વય






તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

જામનગર સ્થિત આયુષ મંત્રાલય હેઠળની રાષ્ટ્રીય મહત્વની સંસ્થા 'ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટીચિંગ એન્ડ રિસર્ચ ઇન આયુર્વેદ' અને હૈદરાબાદની 'હાર્ટફૂલનેસ ઇન્સ્ટિટ્યૂટ' વચ્ચે આગામી પાંચ વર્ષ માટે સમજૂતી કરાર સંપન્ન થયા છે. કાન્હા શાંતિ વનમ ખાતે યોજાયેલી સ્ટેકહોલ્ડર્સ કન્સલ્ટેટિવ મીટિંગમાં કેન્દ્રીય આયુષ રાજ્યમંત્રી પ્રતાપરાવ જાધવ, દાજી, નીતિ આયોગના સભ્ય ડો. શ્રી નિવાસ અને આયુષ સચિવ વૈદ્ય રાજેશ કોટેચાની વિશેષ ઉપસ્થિતિમાં આ કરાર કરવામાં આવ્યા હતા. આ મહત્વકાંક્ષી ભાગીદારીનો મુખ્ય ઉદ્દેશ્ય આયુર્વેદિક ચિકિત્સા, યોગ, ધ્યાનના સમન્વયથી સર્વગ્રાહી આરોગ્યસંભાળ અને પર્યાવરણીય ટકાઉપણાને પ્રોત્સાહન આપવાનો છે.

આ કરાર પર ITRAના ડાયરેક્ટર પ્રો. ડો. તનુજા નેસરી અને HFI તરફથી કુમાર કન્નન દ્વારા હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. આ સંયુક્ત સાહસ અંતર્ગત ITRA પોતાની આયુર્વેદિક ક્લિનિકલ સાયન્સ અને પુરાવા-આધારિત સંશોધનની નિપુણતા આપશે, જ્યારે ઈત્રઈ દ્વારા ધ્યાન, યોગ અને સ્વસ્થ જીવનશૈલી સંબંધિત પદ્ધતિઓનું સંકલન કરવામાં આવશે. આ ઉપરાંત, બંને સંસ્થાઓ વચ્ચે શૈક્ષણિક આદાનપ્રદાન, સંયુક્ત સંશોધન પ્રકલ્પો, ક્ષમતાવર્ધન તથા બૌદ્ધિક સંપદા વિકાસ પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે, જેનાથી વિદ્યાર્થીઓ અને સંશોધકોને અદ્યતન અનુભવ પ્રાપ્ત થશે.

આ ભાગીદારીમાં પર્યાવરણીય સંરક્ષણ અને ટકાઉપણાને પણ વણી લેવામાં આવ્યું છે. જે અંતર્ગત કેમ્પસમાં જૈવવિવિધતા જાળવવી, ઔષધીય વનસ્પતિઓનું સંરક્ષણ કરવું અને ગ્રીન ઇનિશિયેટિવ્સ હાથ ધરીને એક ટકાઉ મોડેલ વિકસાવવામાં આવશે. ઈઝછઅના ડાયરેક્ટર પ્રો. ડો. તનુજા નેસરીના જણાવ્યા મુજબ, આ સહયોગ આયુષ મંત્રાલયના વિઝન મુજબ રોગપ્રતિકારક આરોગ્યસંભાળ અને આયુર્વેદના વ્યવહારુ ઉપયોગને વૈશ્વિક સ્તરે નવી ઊંચાઈઓ પર લઈ જશે.

# દ્વારકા પંથકમાં પોક્સોના કેસમાં આરોપીને અઢી વર્ષની કેદ સજા

**સમય સંદેશઃ દ્વારકા**

દ્વારકા જિલ્લામાં રહેતી એક પરિવારની આશરે ૧૫ વર્ષની સગીર પુત્રી ડિસેમ્બર ૨૦૨૩ ના સમયગાળામાં આરોપી રાયદે સુમાત ભોચીયા (રહે. પટેલકા ગામ, તા. કલ્યાણપુર)ના ઘરે દૂધ-છાશ લેવા ગઈ હતી. ત્યારે આ ઘરમાં રહેલ એકલા રહેલા આરોપી રાયદે સુમાતએ તેણીને અંદર બોલાવીને પૂછપરછ હતી કરી હતી કે ''તારી સગાઈ થઈ ગઈ છે?'' આ પછી આરોપીએ અશોભનીય શબ્દો કહી, સગીરા સાથે વિવિધ પ્રકારે છેડતી કરી હતી.

આથી ભોગ બનનાર સગીરા આરોપીના ઘરમાંથી બહાર નીકળી ગઈ હતી અને પોતાના ઘરે જઈને તેણીની માતાને સમગ્ર ઘટના વર્ણવી હતી. આ સમગ્ર પ્રકરણ અંગે કલ્યાણપુર પોલીસ મથકમાં નોંધાવવામાં આવેલી ફરિયાદને અનુલક્ષીને પી.એસ.આઈ. યુ.બી. અખેડ દ્વારા જરૂરી કાર્યવાહી કરી અને આરોપી વિરુદ્ધ પૂરતા પુરાવાઓ સાથેનું ચાર્જશીટ દ્વારકાની પોક્સો કોર્ટમાં રજૂ કરવામાં આવ્યું હતું.

આ કેસ દ્વારકાની સ્પે. પોક્સો કોર્ટમાં ચાલી જતા ફરિયાદી, ભોગ બનનાર, તપાસનીસ અધિકારી તેમજ અન્ય મહત્વના સાહેદોની જુબાની અને આધાર પુરાવાઓ સાથે મદદનીશ જિલ્લા સરકારી વકીલ અમિતભાઈ વ્યાસ દ્વારા કરવામાં આવેલી મુદ્દાસરની રજૂઆતો તેમજ દલીલોને ધ્યાનમાં લઈ સ્પે. પોક્સો કોર્ટના જજ કે.એસ. પટેલે આરોપી રાયદે સુમાત ભોચીયાને કસુરવાન ઠેરવી, અઢી વર્ષની સખત કેદી સજા અને રૂ. ૫૦,૦૦૦ નો દંડ ફટકારતો હુકમ કર્યો છે.

# જામજોધપુરના ફૂલઝર વિસ્તારના ખેડૂતો દ્વારા ઉપવાસ આંદોલનના મંડાણ

## સિંચાઈનું પાણી નહીં અપાતા મામલતદાર કચેરી સામે લડતઃ બે દિવસમાં ન્યાય નહીં મળે તો આત્મવિલોપનની પણ ચેતવણી

**સમય સંદેશઃ જામજોધપુર**

જામજોધપુર તાલુકાના ફુલઝર (કોબા) વિસ્તારના ખેડૂતોને સિંચાઈ માટે કેનાલ મારફતે પાણી ન મળતાં પાક નિષ્ફળ જવાની ભીતિ સેવાઈ રહી છે. ચાલુ વર્ષે ખેડૂતોએ ભારે ખર્ચ કરીને ખેતરોમાં વાવેતર કર્યું છે, પરંતુ વરસાદ ખેંચાતા હાલ પાકને પિયતની તાતી જરૂરિયાત ઊભી થઈ છે. સરકારના સ્પષ્ટ આદેશ હોવા છતાં સિંચાઈ વિભાગ દ્વારા પાણી છોડવામાં ન આવતાં ખેડૂતોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. આ પ્રશ્ને ખેડૂત અગ્રણી વિજયભાઈ પાડોદરા સહિતના ખેડૂતોએ જામજોધપુર મામલતદારને લેખિતમાં રજૂઆત કરી તાત્કાલિક પાણી આપવાની માંગ કરી છે.

ખેડૂતોએ અગાઉ તા. ૩૧ ઓગસ્ટના રોજ પણ મામલતદાર કચેરીમાં અરજી કરી હતી, પરંતુ સિંચાઈ વિભાગ દ્વારા કોઈ નક્કર કાર્યવાહી કરવામાં



આવી નહોતી. પાણીના અભાવે મોંઘા ભાવનું વાવેતર સુકાઈ રહ્યું હોવાથી ખેડૂતોને મોટી આર્થિક નુકસાની વેઠવાનો વારો આવ્યો છે. સરકારી નિયમો મુજબ પાણી મેળવવાનો હક હોવા છતાં તંત્રની બેદરકારીના કારણે ખેડૂતોની આર્થિક સ્થિતિ કથળી રહી છે અને તેઓ ન્યાય માટે ભટકવા મજબૂર બન્યા છે. તંત્રના ઉદાસીન વલણથી કંટાળીને આજથી ૧૫ જેટલા ખેડૂતો મામલતદાર કચેરી સામે અનિશ્ચિત મુદતના ઉપવાસ પર ઉતરી ગયા છે. ખેડૂતોએ ચીમકી આપી છે કે જો આગામી બે દિવસમાં તેમને કેનાલ મારફતે સિંચાઈનું પાણી નહીં મળે તો તેઓ ઉગ્ર આંદોલન કરશે અને આત્મવિલોપન જેવા આકરાં પગલાં ભરશે. તંત્ર અને સરકાર તાત્કાલિક હસ્તક્ષેપ કરીને ફુલઝર કેનાલમાં પાણી છોડી ખેડૂતોનો પાક બચાવે તેવી ઉગ્ર માંગણી કરવામાં આવી છે.


## તંત્રી સ્થાનેથી..

# પાક વીમાની તસ્કરી !

ખેડૂતોને દર વર્ષે જમા કરવામાં આવતી વીમા પ્રીમિયમની રકમનું નુકસાન સહન કરવું પડ્યું. પ્રધાનમંત્રી ફસલ વીમા યોજના ઈ. સ. ૨૦૧૬માં શરૂ કરવામાં આવી હતી. વર્ષ ૨૦૧૬-૧૭થી ૨૦૨૨-૨૩ના ઉપલબ્ધ સરકારી આંકડાઓ સ્પષ્ટ કરે છે કે પાક વીમા કંપનીઓએ પાછલા ૭ વર્ષમાં દર વર્ષે ૮થી ૧૦ હજાર કરોડ રૂપિયાના દરે ૬૦ હજાર કરોડ રૂપિયાની લૂંટ કરી છે. મહારાષ્ટ્રમાંથી ૧૨,૪૮૪ કરોડ રૂપિયા, રાજસ્થાનમાંથી ૧૦,૫૨૪ કરોડ રૂપિયા, મધ્યપ્રદેશમાંથી ૯,૭૭૭ કરોડ રૂપિયા અને ગુજરાતમાંથી ૬,૬૨૮ કરોડ રૂપિયા લૂંટાયા છે. એવું લાગે છે કે આ મોટી લૂંટ માટે પાક વીમા કંપનીઓ પોતાના દ્વારા ખેડૂત મતદારોને પ્રભાવિત કરવાના હેતુથી ચૂંટણીમાં સરકારને ફાયદો પહોંચાડવાના હેતુથી કામ કરે છે. વળતરની વહેંચણી ચૂંટણીના વર્ષોમાં જ થાય છે. મધ્યપ્રદેશમાં વર્ષ ૨૦૧૭-૧૮માં ૫૮૯૪ કરોડ રૂપિયા, વર્ષ ૨૦૧૯-૨૦માં ૫૮૧૨ કરોડ રૂપિયા અને વર્ષ ૨૦૨૦-૨૧માં ૭૭૯૧ કરોડ રૂપિયાનું વળતર આપવામાં આવ્યું છે. જે તે વર્ષમાં કંપનીઓને મળેલા પ્રીમિયમ કરતાં વધુ છે. મધ્ય પ્રદેશમાં નવેમ્બર ૨૦૧૮માં વિધાનસભાની ચૂંટણીઓ યોજાઈ હતી, મે ૨૦૧૯માં લોકસભાની ચૂંટણીઓ યોજાઈ હતી અને નવેમ્બર ૨૦૨૦માં ૨૮ બેઠકો પર વિધાનસભાની પેટાચૂંટણી યોજાઈ હતી, જ્યારે મધ્ય પ્રદેશમાં કંપનીઓએ કુલ ૩૫,૫૦૬ કરોડ રૂપિયાનું વીમા પ્રિમિયમ મેળવ્યું હતું. તેમાંથી ૨૫,૭૨૯ કરોડ રૂપિયા ખેડૂતોને વળતર તરીકે આપવામાં આવ્યા હતા અને ૯,૭૭૭ કરોડ રૂપિયા કંપનીઓ દ્વારા લૂંટવામાં આવ્યા હતા. આનો અર્થ એવો પણ થાય છે કે અન્ય વર્ષોમાં મળતું વળતર નહિવત હતું. હવે મહારાષ્ટ્ર સરકાર પાક વીમા યોજના શરૂ કરી રહી છે. જો કે આમાં ખેડૂતોનો ફાયદો દેખાઈ રહ્યો છે, પરંતુ અહીં ખેડૂતોના વીમાનું પ્રિમિયમ કૃષિ બજેટમાં કાપ મૂકીને જ કંપનીઓને આપવું પડે છે. જેના કારણે ખેડૂતોને પણ નુકસાન થશે. ભલે સરકાર દાવો કરે છે કે તે ખેડૂતોને લૂંટનારા વચેટિયાઓને દૂર કરવા માંગે છે, પરંતુ અહીં સરકારે જ કોર્પોરેટ વચેટિયાઓ બનાવ્યા છે જેઓ માત્ર વળતરની વહેંચણી માટે દર વર્ષે ૧૦,૦૦૦ કરોડ રૂપિયા કમાય છે. ખાનગી વીમા કંપનીઓ પણ આ લૂંટમાં અગ્રેસર છે. પંજાબ, બિહાર અને પશ્ચિમ બંગાળ પહેલા જ આ યોજનામાંથી બહાર નીકળી ચૂક્યા છે. હવે આંધ્રપ્રદેશ, ગુજરાત, તેલંગાણા અને ઝારખંડે પણ ઓછા દાવાની ચુકવણીને કારણે આ યોજના બંધ કરી દીધી છે.




## હાલારના હાલહવાલ



# દ્વારકા જગત મંદિરમાં કૃષ્ણ જન્મોત્સવ ભવ્ય રીતે ઉજવાયો

**સમય સંદેશઃ દ્વારકા**

પવિત્ર યાત્રાધામ દ્વારકામાં શ્રાવણ વદ આઠમ એટલે કે જન્માષ્ટમી પર્વની ધાર્મિક આસ્થા અને ભક્તિભાવ વચ્ચે ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. દ્વારકાધીશ જગતમંદિરમાં મધરાતે ૧૨ વાગ્યે ભગવાન શ્રીકૃષ્ણના જન્મોત્સવની પરંપરાગત વિધિ યોજાતા સમગ્ર મંદિર પરિસર 'નંદ ઘેર આનંદ ભયો, જય કનૈયાલાલ કી'ના જયઘોષથી ગૂંજી ઊઠ્યું હતું. આ પાવન અવસરે જગતમંદિરને વિશિષ્ટ લાઈટિંગ અને શણગારથી સજાવવામાં આવ્યું હતું, જેમાં વહીવટી તંત્રના અધિકારીઓ,



પૂજારી પરિવાર અને દેશ-વિદેશમાંથી આવેલા લાખો શ્રદ્ધાળુઓએ દર્શનનો લાભ લીધો હતો. આ ઉપરાંત, સતત નવમા વર્ષે કાન્હા વિચાર મંચ દ્વારા આહિર સમાજની ભવ્ય શોભાયાત્રા પણ યોજાઈ હતી, જેમાં પરંપરાગત વેશભૂષા, રાસમંડળીઓ અને સુવર્ણ રથ વિશેષ આકર્ષણ બન્યા હતા.

જન્માષ્ટમીના બીજા દિવસે શ્રાવણ વદ નૌમના રોજ દ્વારકાધીશ મંદિરમાં 'પારણા નૌમ'નો પરંપરાગત ઉત્સવ ધામધૂમથી ઉજવવામાં આવ્યો હતો. આ પ્રસંગે ભગવાન દ્વારકાધીશના બાલસ્વરૂપને હિંડોળામાં ઝુલાવવાની વિધિ બાદ ઠાકોરજીને છપ્પન ભોગ ધરાવી અન્નકૂટ મનોરથ યોજાયો હતો. ગોમતી ઘાટ ખાતે સ્નાન અને મંદિરના દર્શન માટે વહેલી સવારથી જ શ્રદ્ધાળુઓની લાંબી કતારો જોવા મળી હતી. આ તમામ ધાર્મિક વિધિઓ અને જન્મોત્સવનું વેબસાઇટ તથા સોશિયલ મીડિયા પર જીવંત પ્રસારણ કરાતા દેશ-વિદેશના કરોડો ભક્તોએ ઘરે બેઠા પણ દર્શનની ધન્યતા અનુભવી હતી. શ્રાવણ વદ છઠ્ઠથી આઠમ સુધીના ત્રણ દિવસ દરમિયાન દ્વારકામાં ભક્તિનું ઘોડાપૂર ઉમટ્યું હતું, જેમાં લાખો ભાવિકોએ દ્વારકાધીશના દર્શન કર્યા હતા. જન્માષ્ટમીના દિવસે ભાવિકોની સંખ્યા સૌથી વધુ રહી હતી અને આખી દ્વારકા નગરી ભક્તિમય બની ગઈ હતી. શહેરમાં સેવાભાવી સંસ્થાઓ દ્વારા ભાવિકો માટે ચા, નાસ્તો અને ફળાહારની નિઃશુલ્ક વ્યવસ્થા કરવામાં આવી હતી. આ રીતે 'જય દ્વારકાધીશ' અને 'જય રણછોડ માખણચોર'ના નાદ સાથે ત્રણ દિવસીય જન્મોત્સવની ઉજવણી આસ્થાભેર સંપન્ન થઈ હતી.

# જામરાવલમાં પરંપરાગત લોકમેળો યોજાયોઃ લાખો લોકોએ આનંદ માણ્યો





**સમય સંદેશઃ કલ્યાણપુર**

કલ્યાણપુર તાલુકાના જામ રાવલ ખાતે દર વર્ષ મુજબ આ વર્ષે પણ શ્રાવણી લોકમેળાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. જામ રાવલમાં ભુતનાથ મહાદેવ મંદિરના વિશાળ પટાંગણમાં આ વર્ષે પણ ભવ્ય લોક મેળો યોજાયો હતો.

સાતમ-આઠમ નિમિત્તે ચાર દિવસ યોજાયેલા આ લોકમેળામાં રાવલ તથા આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાંથી હજારોની સંખ્યામાં માનવ મહેરામણ ઉમટી પડ્યું હતું. અહીં ભક્તિ અને લોક પરંપરાના સંગમથી અનોખો માહોલ સર્જાયો હતો. જેનો લાભ મોટી સંખ્યામાં લોકોએ લીધો હતો. આ આયોજન માટે સ્થાનિક તંત્ર દ્વારા જરૂરી વ્યવસ્થાઓ પણ કરવામાં આવી હતી.

# જન્માષ્ટમી પર્વે વિદેશી નાગરીકનું ખોવાયેલ પર્સ પોલીસે શોધી આપ્યુ



**સમય સંદેશઃ દ્વારકા**

જન્માષ્ટમી પર્વે અમેરિકાથી આવેલા એક શ્રદ્ધાળુનું ગુમ થયેલું પાકીટ પોલીસ તંત્રએ શોધીને તેમને સુપ્રત કરતા તેમણે આભારની લાગણી વ્યક્ત કરી હતી. આ અંગેની વિગત મુજબ અમેરિકાથી દ્વારકા જન્માષ્ટમી પર્વની ઉજવણી કરવામાં માટે આવેલા એક વિદેશી નાગરિકનું મોબાઈલ તેમજ રોકડ રકમ સાથેનું પાકીટ ખોવાઈ ગયું હતું. જે અંગેની જાણ તેમના દ્વારા સ્થાનિક પોલીસને કરવામાં આવતા પોલીસની ટીમ દ્વારા તાકીદની જરૂરી કાર્યવાહી કરી અને સીસી ટીવી તથા પોલીસ સ્ટાફની મદદથી મોબાઈલ સહિતનું આ પર્સ શોધી આપી તેમને સુપ્રત કર્યું હતું. પોલીસની આ તાકીદની કામગીરીથી વિદેશી નાગરિકે પોલીસ તંત્રનો આભાર વ્યક્ત કર્યો હતો.

# ખંભાળીયા : નયારા એનર્જી દ્વારા માર્ગ સલામતી અંગે જાગૃતિ લાવવા પાથમેકર્સ પહેલનો પ્રારંભ




**સમય સંદેશઃ ખંભાળિયા**

આંતરરાષ્ટ્રીય સંકલિત ડાઉનસ્ટ્રીમ એનર્જી અને પેટ્રોકેમિકલ્સ કંપની, નયારા એનર્જીએ માર્ગ સલામતી જાગૃતિ અને જવાબદાર માર્ગ ઉપયોગને પ્રોત્સાહન આપવા માટે 'પાથ મેકર્સ' પહેલ શરૂ કરી છે. આ કાર્યક્રમના ભાગ રૂપે, ઉચ્ચ માધ્યમિક શાળાના ૫૦૦ શિક્ષકોએ માર્ગ સલામતી પ્રથાઓ, ટ્રાફિક નિયમો અને સલામત માર્ગ વર્તન પર કેન્દ્રિત ચાર કલાકના વ્યાપક તાલીમ સત્રમાં ભાગ લીધો હતો.

આ શિક્ષકો તેમની સંબંધિત શાળાઓમાં માર્ગ સલામતી રાજદૂત તરીકે સેવા આપશે, વિદ્યાર્થીઓમાં માર્ગ સલામતીની સંસ્કૃતિ સ્થાપિત કરવામાં મદદ કરશે અને જવાબદાર પ્રથાઓને પ્રોત્સાહિત કરશે, જે સુરક્ષિત સમુદાયોમાં ફાળો આપી શકે છે. જામનગર જિલ્લા કલેક્ટર પરિમલ પંડયાએ આ શિક્ષક તાલીમ કાર્યક્રમની શરૂઆત રિજનલ ટ્રાન્સપોર્ટ ઓફિસ અને શિક્ષણ વિભાગના અધિકારીઓની હાજરીમાં કરાવી હતી.

ટીઆરએએક્સ સોસાયટીના સહયોગથી જામનગરની નવાનગર સરકારી હાઈસ્કૂલ, શ્રી દિગ્વિજયસિંહજી સરકારી હાઈસ્કૂલ, કાલાવડની મ્યુનિસિપલ હાઈસ્કૂલ, લાલપુરની વીર સાવરકર હાઈસ્કૂલ, ધ્રોલની હરધ્રોલ સરકારી હાઈસ્કૂલ અને જામજોધપુરની એસવીપી હાઈસ્કૂલમાં જિલ્લાના આશરે ૫૦૦થી વધુ શિક્ષકોને માર્ગ સલામતી અંગે ઊંડાણપૂર્વકની તાલીમ આપવામાં આવી હતી. નયારા એનર્જીના આ પહેલનો હેતુ શિક્ષકોની ક્ષમતા વધારીને શાળાઓમાં માર્ગ સલામતી જાગૃતિને મજબૂત કરવાનો છે, જે વિદ્યાર્થીઓ અને વ્યાપક સમુદાયમાં શિક્ષણનો વધુ પ્રસાર કરશે.

# ગોંડલમાં જન્માષ્ટમી પર્વે કોમી એકતાના દર્શનઃ બાળ યુવક મિત્ર મંડળ દ્વારા કૃષ્ણ લીલાની મનોરમ ઝાંખીઓ રજૂ કરાઈ



**સમય સંદેશઃ ગોંડલ**
**(તુષાર વ્યાસ દ્વારા)**

જન્માષ્ટમીના પવિત્ર પર્વ નિમિત્તે ગોંડલના ધારશી પારેખની શેરી ખાતે 'શ્રી બાલ યુવક મિત્ર મંડળ' તથા 'આર્ય શેરી મિત્ર મંડળ' દ્વારા ભગવાન શ્રી કૃષ્ણના જન્મોત્સવના હર્ષોલ્લાસ સાથે વધામણાં કરવામાં આવ્યા છે. છેલ્લા ૪૪ વર્ષથી અવિરતપણે કાર્યરત બાળ યુવક મિત્ર મંડળ દ્વારા આ વર્ષે પણ ભગવાન શ્રી કૃષ્ણની વિવિધ લીલાઓને દર્શાવતી મનોરમ ઝાંખીઓ, આકર્ષક ફ્લોટ્સ અને નયનરમ્ય લાઇટ ડેકોરેશનનું આયોજન કરવામાં આવ્યું છે.

આ આયોજનની મુખ્ય વિશેષતા હિન્દુ-મુસ્લિમ એકતાના દર્શન છે. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે બંને કોમના કાર્યકર્તાઓએ ખંભેથી ખંભો મિલાવીને સહિયારા પ્રયાસો કર્યા છે, જે સમાજમાં કોમી સૌહાર્દનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડે છે. બાળ યુવક ગ્રૂપ અને 'વ્રજ પુષ્પમ-ગોંડલ'ના સભ્યો દ્વારા તન, મન અને ધનથી સેવા આપીને આ સમગ્ર આયોજનને આખરી ઓપ આપવામાં આવ્યો છે. ગોંડલની ધર્મપ્રિય જનતાને આ ભવ્ય ઝાંખીઓના દર્શનનો લાભ લેવા ભાવભર્યું આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# ઓખામાં મધદરિયે માછીમાર યુવાનને હાર્ટએટેકઃ દુઃખદ મૃત્યુ

**સમય સંદેશઃ ઓખા**

વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકાના મૂળ રહીશ અને હાલ ઓખાના આર.કે. બંદર વિસ્તારમાં રહેતા નરેશભાઈ બાબુભાઈ ધોડી (પટેલ) નામના ૪૩ વર્ષના માછીમાર યુવાન મંગળવારે ઓખાના દરિયામાં દીપ સાગર ૦૨ નામની બોટમાં માછીમારી કરવા ગયા હતા. અહીં બોટમાં તેઓ જમવાનું બનાવી રહ્યા હતા, તે દરમિયાન તેમને એકાએક છાતીમાં દુખાવો ઉપાડતા હાર્ટ એટેકના કારણે તેમનું મૃત્યુ નિપજ્યું હતું. આ બનાવ અંગેની જાણ રમેશભાઈ ભગવાનભાઈ બારૈયાએ ઓખા મરીન પોલીસને કરી છે.

## અનુસંધાન

### જામનગરમાં દગડુશેઠ

(પાના નં. ૪ થી આગળ)

શ્રી દગડુશેઠ ગણપતિ મંડળની સૌથી મોટી વિશેષતા વર્ષોથી જળવાયેલી હિન્દુ-મુસ્લિમ એકતા અને કોમી સૌહાર્દની પરંપરા છે. આ મંડળની તમામ તૈયારીઓમાં હિન્દુ અને મુસ્લિમ સમાજના સભ્યો ભેદભાવ વિના સાથે મળીને કામગીરી કરે છે. ભવ્ય પ્રતિમા, અનોખી થીમ અને કોમી ભાઈચારાના સુંદર સંદેશ સાથેનો આ ગણેશોત્સવ જામનગરવાસીઓ માટે અવિસ્મરણીય બની રહેશે.

### ફલાય ઓવરબ્રીજ

(પાના નં. ૪ થી આગળ)

વ્યવસ્થા કરવામાં આવેલ નથી. જે માટે લોકો ખુબજ હેરાન પરેશાન થતા હતા. તેમજ ઘણા લોકો ત્યાં જાહેરમાં પુલ નીચે યુરીનલ માટે વાપરતા હતા તે ખુબજ શરમજનક ઘટના કહેવાય.તેના માટે જામનગર સમાજ સેવાભાવી કાર્યકર બહેન અને કોંગ્રેસના સક્રીય કાર્યકર આશાબહેન જેમણે જે એમ સી ની સ્લમ શાખા ના અધિકારી અને કમીશ્નર ને રૂબરૂ મોખિક અને લેખિત અરજીમાં રજૂઆત સતત ૧.૫ વર્ષ સુધી કરી હતી.જેથી સિટી એન્જીનીયર તમામ રીતે યોગ્ય સાથ સહકાર આપી ને હાલમાં ૧ મહિના થી કામ ચાલુ કરાવેલ છે આમ સામાજિક કાર્યકર આશાબેન ની રજૂઆતને મળી છે.

### જાહેરમાં ન્યુસન્સ

(પાના નં. ૪ થી આગળ)

વહેલી સવારના ભાગે ફોટોગ્રાફી કરાવ્યા બાદ તમામ સામે આકરી કાર્યવાહી કરવાનું શ કરીને કુલ ૬૦૦ ધંધાર્થીઓ પાસેથી એક માસમાં રૂ.૫.૫૦ લાખનો દંડ વસુલ્યો છે. મહાનગરપાલિકાના તંત્રએ તમામ કોમર્શિયલ એકમો, ધંધાર્થીઓ, દુકાનધારકોને તાકીદ કરી છે કે, પોતાના સ્થળો આસપાસ કચરો થવા ન દેવો. સ્વચ્છતા જાળવીને પોતાના કચરાને પોતાના ડસ્ટબીનમાં જ રાખવો, મહાનગરપાલિકાનું કચરા કલેક્શન વાન આવે ત્યારે તેમાં કચરો નાખો નિકાલ કરવા તંત્ર દ્વારા અનુરોધ કરાયો છે

### ઈન્વર્ટરની ચોરી

(પાના નં. ૪ થી આગળ)

અહીં લોખંડના કબાટમાં રહેલી રૂ. ૨૧,૫૦૦ રોકડ રકમ તથા રૂ. ૫,૦૦૦ ની કિંમતનું ઇન્વર્ટર મળી, કુલ રૂ. ૨૬,૫૦૦ નો મુદ્દામાલ ચોરી થયાની ધોરણસર ફરિયાદ પટેલકા ગામના ભીમાભાઈ હીરાભાઈ વાઘેલા દ્વારા કલ્યાણપુર પોલીસ મથકમાં નોંધાવવામાં આવી હતી. આને અનુલક્ષીને સ્થાનિક ડી.વાય.એસ.પી. સાગર રાઠોડ તથા પી.આઈ. આર.એન. હાથલિયાના માર્ગદર્શન હેઠળ પી.એસ.આઈ. યુ.બી. અખેડ તેમજ તેમની ટીમ દ્વારા કરવામાં આવેલી કાર્યવાહીમાં બાતમીના આધારે બાંકોડીથી ખાખરડા ગામ તરફ જતા માર્ગ પર આરોપી એવા મૂળ ખંભાળિયા તાલુકાના ભાડથર ગામના રહીશ અને હાલ કલ્યાણપુર તાલુકાના ખાખરડા ગામની સીમમાં રહેતા રાજુ વરવા દેવાણંદ ચાવડા નામના ૨૪ વર્ષના શખ્સને ઝડપી લઇ, ચોરીનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

### બે કુંડનું નિર્માણ

(પાના નં. ૪ થી આગળ)

કુંડ નં. - ૧:- રૂટ નં. ૧ સમર્પણ સર્કલ થી બાયપાસ ચોકડી થી ૨૫૦મી આગળ એરપોર્ટ રોડ બાજુ. રૂટ નં. ૨ બાયપાસ ચોકડી થી હોટેલ કેસવારસની સામે (યુ-ટર્ન ફ્રોમ કાઠિયાવાડી હોટેલ) કુંડ નં. - ૨:- રૂટ નં. ૧ લાલપુર બાયપાસ થી રણજીત સાગર રોડ થી સરદાર રિવેરા સોસાયટીમાં અંદરના ભાગમાં આવેલ છે.

### કોમ્બિંગ-પેટ્રોલિંગ

(પાના નં. ૪ થી આગળ)

સમસ્યા કે પ્રશ્ન ઊભો થાય તો ઝડપી કાર્યવાહી માટે સંબંધિત પોલીસ ચોકીના ઇન્ચાર્જ અથવા સિટી બી પોલીસ સ્ટેશનનો તાત્કાલિક સંપર્ક કરવા સમજ આપવામાં આવી હતી.સિટી બી પોલીસ દ્વારા સતત પેટ્રોલિંગ અને જનસંપર્કના માધ્યમથી વિસ્તારમાં શાંતિ, સલામતી અને સુરક્ષાની ભાવના જળવાઈ રહે તે માટે કામગીરી કરવામાં આવી રહી છે.

### જુગાર દરોડો

(પાના નં. ૩ થી આગળ)

કરંગીયા પોલીસને જોઇ નાસી છૂટ્યા હતા. પોલીસે કુલ છ શખ્સો સામે જુગારધારા કલમ ૧૨ હેઠળ ગુનો નોંધી ફરાર આરોપીઓની શોધખોળ હાથ ધરી છે.

### એશિયન ગેમ્સ

(પાના નં. ૧ થી આગળ)

જળબંબાકારની સ્થિતિ હોવા છતાં નાગોયાના મેયર ઇચિરો હિરોસાવાએ સ્પષ્ટતા કરી છે કે રમતોના શિડ્યુલમાં કોઈ પણ જાતનો ફેરફાર કરવામાં આવશે નહીં. તેમણે વધુમાં જણાવ્યું હતું કે કેટલીક સ્પોર્ટ્સ વેન્યુની છતોમાંથી પાણી ટપકવાની નાની-મોટી ઘટનાઓ સિવાય કોઈ મોટું નુકસાન થયું નથી, જેથી તમામ રમતોનું આયોજન પૂર્વ નિર્ધારિત સમયપત્રક મુજબ જ આગળ વધશે. ઉલ્લેખનીય છે કે, ૧૯ સપ્ટેમ્બરથી ૪ ઓક્ટોબર ૨૦૨૬ દરમિયાન યોજાનારી આ એશિયન ગેમ્સમાં ૪૫ દેશોના ૧૧,૦૦૦થી વધુ ખેલાડીઓ ભાગ લેવાના છે. વર્ષ ૧૯૫૧માં નવી દિલ્હીથી શરૂ થયેલી એશિયન ગેમ્સની આ ૭૫મી વર્ષગાંઠ છે. ટોક્યો (૧૯૫૮) અને હિરોશિમા (૧૯૯૪) પછી જાપાન ત્રીજી વખત આ ભવ્ય રમતોત્સવની યજમાની કરી રહ્યું છે.

### દિલ્હીના લાલ કિલ્લા

(પાના નં. ૧ થી આગળ)

સંવેદનશીલ અને ખતરનાક હોમમેડ એક્સપ્લોઝિવ છે. CFSL ચંડીગઢ અને NFSU ગાંધીનગરની ફોરેન્સિક લેબ દ્વારા પણ આ વાતની પુષ્ટિ કરવામાં આવી છે. આરોપીઓ અંદરો-અંદર વાતચીત કરવા માટે 'Signal' એપનો ઉપયોગ કરતા હતા, જેમાં A-7 ની ઓળખ 'Rauldatta' નામના કોડનેમથી થઈ હતી. શહીન સઈદની પેનડ્રાઈવમાંથી એકે-૪૭ પિસ્તોલ સાથેની ૮૭ તસવીરો મળી આવી છે. આ તમામ આરોપીઓ 'અંસાર ગઝવત-ઉલ-હિંદ' (AGuH) અને 'AQIS' જેવા આતંકવાદી સંગઠનો સાથે જોડાયેલા હતા.

### ધોકાવાળી

(પાના નં. ૩ થી આગળ)

ધોકાના ફટકા માર્યા હતા. હુમલા દરમિયાન ફરિયાદીનો સેમસંગ એ-૦૭ મોબાઇલ ફોન તોડી નાખવામાં આવ્યો હતો. હુમલો કર્યા બાદ યુવરાજે કેશલભાઈને હવે કરણને ગાળો આપીશ નહીં, નહીંતર જાનથી પતાવી દઈશું તેવી ધમકી આપી હતી. ઇજાગ્રસ્ત કેશલભાઈ નીચે પડી ગયા હતા. જેને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલ ખસેડાયા હતા.

# રાજકોટ-લોધિકા સંઘ ચૂંટણીમાં રાદડિયા જૂથનો દબદબોઃ ભાજપના મેન્ડેડ છતાં બળવાખોરોનો ભવ્ય વિજય

**સમય સંદેશઃ રાજકોટ**

રાજકોટ-લોધિકા સહકારી ખરીદ-વેચાણ સંઘની ચૂંટણીના જાહેર થયેલા પરિણામોમાં ધારાસભ્ય જયેશ રાદડિયા જૂથનો સ્પષ્ટ દબદબો જોવા મળ્યો છે. કુંવાડવા, માધાપર, ખોખડદળ, ત્રંબા અને હલેન્ડા એમ પાંચ બેઠકો માટે યોજાયેલી મતગણતરીમાં પૂર્વ મંત્રી અને ભાજપના દિગ્ગજ નેતા અરવિંદ રૈયાણીનો ઘોર પરાજય થયો છે. પાર્ટીના સત્તાવાર વ્હિપ અને મેન્ડેડ વિરુદ્ધ જઈને ફોર્મ ભરનારા બળવાખોર ઉમેદવારો બે મહત્વની બેઠકો પર વિજયી નીવડ્યા છે, જ્યારે માધાપર બેઠક પર પાર્ટીના વ્હિપ છતાં પૃથ્વીસિંહ જાડેજા (ઘોઘુભા) હારી ગયા છે અને રાદડિયા જૂથના વિજય સખિયાનો વિજય થયો છે.



ચૂંટણી અધિકારી દ્વારા જાહેર કરાયેલા આંકડા મુજબ કુંવાડવા બેઠક પર નીતિન ચોવટીયાએ ૩ મતો મેળવી અરવિંદ રૈયાણી (૧ મત)ને પરાજય આપ્યો હતો. આ ઉપરાંત માધાપર બેઠક પર વિજય સખિયા (૪ મત), ખોખડદળ બેઠક પર બાબુભાઈ નસીત (૨ મત) અને હલેન્ડા બેઠક પર મહેશભાઈ આસોદરિયા (૪ મત)નો વિજય થયો હતો. ત્રંબા બેઠક પર અનિરુદ્ધસિંહ જાડેજા અને નીતિન રૈયાણી વચ્ચે ૨-૨ મતો સાથે ટાઈ થતાં અંતે ચિઠ્ઠી નાખીને નિર્ણય લેવામાં આવ્યો હતો, જેમાં નીતિન રૈયાણી વિજેતા જાહેર થયા હતા. આમ, યોજાયેલી ૫માંથી ૪ બેઠકો પર રાદડિયા જૂથના ઉમેદવારો વિજયી બનતાં સમગ્ર સહકારી ક્ષેત્રમાં ભારે ચર્ચા જાગી છે.

સહકારી રાજકારણમાં ભાજપના સત્તાવાર મેન્ડેડનો ફિયાસ્કો થતાં પ્રદેશ રાજકારણમાં પણ અનેક સમીકરણો બદલાયા છે. સહકારી સંસ્થાઓમાં પક્ષીય વિચારધારા કરતાં સ્થાનિક વર્ચસ્વ વધુ મહત્ત્વ ધરાવતું હોવાથી સ્થાનિક નેતાઓએ પક્ષના આદેશને બાજુએ મૂકી બળવો પોકાર્યો હોવાનું સામે આવ્યું છે. ઇફકો અને બારડોલી સુગર મિલ બાદ હવે એશિયાના સૌથી મોટા ગણાતા રાજકોટ-લોધિકા સંઘની ચૂંટણીમાં પણ મેન્ડેડ પ્રથા સામે વિરોધ જોવા મળ્યો છે. અગાઉ ૧૫માંથી ૧૦ બેઠકો બિનહરીફ થયા બાદ આ મુખ્ય બેઠકોના પરિણામો પૂર્ણ થતાં હવે સંઘના ચેરમેન અને વાઈસ ચેરમેનની નિમણૂક અંગેની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

# જામનગરના મેળામાં ૪૫૦થી વધુ અનાથ-દિવ્યાંગ બાળકોને નિઃશુલ્ક રાઇડ્સઃ મેળા સંચાલકો-સામાજિક કાર્યકરોનું વિશેષ આયોજન







તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

જામનગરના પ્રદર્શન મેદાન ખાતે આયોજિત શ્રાવણી લોકમેળામાં શહેર તથા આસપાસની વિવિધ સંસ્થાઓ અને છાત્રાલયોના ૪૫૦થી વધુ અનાથ અને દિવ્યાંગ બાળકો માટે ખાસ નિઃશુલ્ક મનોરંજન કાર્યક્રમ યોજાયો હતો. લોકમેળાના સંચાલકો સબ્બીર અખાણી, યુનુસ શાહમદાર, નીલેશ મંગે તેમજ સામાજિક કાર્યકર પ્રદીપસિંહ વાળા અને બાળ કલ્યાણ સમિતિના ચેરમેન ભાવિન ભોજાણીના સહિયારા પ્રયાસોથી બાળકોને ખાનગી વાહનો દ્વારા મેળાના મેદાનમાં લાવવામાં આવ્યા હતા. આણદાબાવા અનાથાલય ફોર ગર્લ્સ, સરકારી ચિલ્ડ્રન હોમ ફોર બોયઝ, નાલંદા આશ્રમશાળા અને ઓમ ટ્રેનિંગ સેન્ટર સહિતની સંસ્થાઓના બાળકો પોતાના ગણવેશમાં સજ્જ થઈને મેળામાં પહોંચ્યા હતા અને નાની-મોટી તમામ રાઈડ્સની ઉત્સાહભેર મજા માણી હતી. આ પ્રસંગે બાળકોનો ઉત્સાહ વધારવા માટે જામનગરના મેયર મોનિકાબેન વ્યાસ, ડેપ્યુટી મેયર રાકેશ ડેર, શહેર ભાજપ પ્રમુખ બીનાબેન કોઠારી, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન ધીરેન મોનાણી સહિતના અનેક પદાધિકારીઓ તથા સામાજિક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. રાઈડ્સનો આનંદ લીધા બાદ તમામ બાળકો માટે વિશેષ ભોજન સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મેયર સહિતના મહાનુભાવોએ સ્વહસ્તે બાળકોને ભોજન પીરસીને તેમની ખુશીમાં સહભાગી બન્યા હતા. આ સંવેદનશીલ અને સુંદર આયોજનથી બાળકોના ચહેરા પર અનોખી ખુશી જોવા મળી હતી.

# ખંભાળીયામાં જન્માષ્ટમી પર્વની પરંપરાગત ઉજવણી કરાઈ





**સમય સંદેશઃ ખંભાળિયા**

ખંભાળિયા શહેરમાં શ્રીકૃષ્ણ જન્મના પાવન પર્વે જન્માષ્ટમીની ભારે હર્ષોલ્લાસ અને ભક્તિભાવપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. આ પવિત્ર પ્રસંગે વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળના સંયુક્ત ઉપક્રમે શુક્રવારે સવારે ૮:૩૦ વાગ્યે શ્રી ગોવર્ધનનાથજીની હવેલી ખાતેથી એક ભવ્ય શોભાયાત્રા પ્રસ્થાન થઈ હતી. શહેરના જુદા જુદા વિસ્તારોને કલાત્મક કમાનો, રોશની અને બેનરોથી સજાવવામાં આવ્યા હતા. 'જય શ્રીકૃષ્ણ'ના જયઘોષ સાથે નીકળેલી આ શોભાયાત્રામાં બાળકો માટે વિશેષ કાર્યક્રમો યોજાયા હતા અને વિવિધ મંડળો દ્વારા જગ્યા-જગ્યાએ શોભાયાત્રાનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ આ યાત્રા મહાપ્રભુજીની બેઠકજી ખાતે પહોંચીને સંપન્ન થઈ હતી. જન્માષ્ટમી પર્વની પરંપરા મુજબ રાત્રિના ૧૨ વાગ્યે ખંભાળિયાના નગર ગેઈટ ચોક ખાતે મોટી સંખ્યામાં ઉપસ્થિત શ્રદ્ધાળુઓ વચ્ચે ભગવાન શ્રીકૃષ્ણના જન્મના હર્ષોલ્લાસ સાથે વધામણાં કરવામાં આવ્યા હતા. આ સમગ્ર ધાર્મિક આયોજનને સફળ બનાવવા માટે વિશ્વ હિન્દુ પરિષદના જિલ્લા ઉપાધ્યક્ષ ધર્મેન્દ્રભાઈ મોટાણી તથા ખંભાળિયા શહેર પ્રમુખ ધીરેનભાઈ મોટાણીની ટીમે ભારે જહેમત ઉઠાવી હતી. આ પ્રસંગે વિહપના અગ્રણીઓ પ્રવીણસિંહ કંચવા, મિલનભાઈ વારીયા, મહેન્દ્રસિંહ જાડેજા તથા જલ્પાબેન નકુમ સહિત મોટી સંખ્યામાં કાર્યકરો અને ભક્તો ઉત્સાહભેર જોડાયા હતા.

# શ્રી ઝુલેલાલ મંદિરે પૂજ્ય ચાલિયા સાહેબ વ્રત અનુષ્ઠાન મહોત્સવના ૩૪મા દિવસે ભવ્ય અન્નકૂટ

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરના જૂના રેલવે સ્ટેશન વિસ્તારમાં આવેલા પવિત્ર શ્રી ઝુલેલાલ મંદિર ખાતે ચાલી રહેલા પૂજ્ય ચાલિયા સાહેબ વ્રત અનુષ્ઠાન મહોત્સવ અંતર્ગત ૩૪મા દિવસે ભક્તિભાવપૂર્વક ભવ્ય અન્નકૂટનું આયોજન કરવામાં આવ્યું હતું. સિંધિ સમાજના ઇષ્ટદેવ ભગવાન શ્રી ઝુલેલાલના ચરણોમાં વિવિધ પ્રકારના ભોગ અર્પણ કરી અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો. આ પાવન પ્રસંગે સાંજના સમયે ભગવાન શ્રી ઝુલેલાલની ભવ્ય આરતી, મધુર ભજન-કીર્તન, પલ્લવ તેમજ અખ્ખો સાહેબ સહિતની ધાર્મિક વિધિઓ ભકિતમય



તસવીરઃ હિરેન ગાંધી

વાતાવરણમાં સંપન્ન થઈ હતી, જેમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓએ ઉપસ્થિત રહી દર્શનનો લાભ લીધો હતો.

શ્રી ઝુલેલાલ મંદિર તથા શ્રી ઝુલેલાલ મંડળ દ્વારા આયોજિત આ ચાલિયા સાહેબ વ્રત અનુષ્ઠાન મહોત્સવ સિંધિ સમાજની અતૂટ આસ્થા અને શ્રદ્ધાનું પ્રતિક છે. મહોત્સવ દરમિયાન રોજેરોજ નિયમિત પૂજા-અર્ચના અને ધાર્મિક કાર્યક્રમો યોજાઈ રહ્યા છે, જેમાં દરરોજ બોહળી સંખ્યામાં ભક્તો ઉમટી પડે છે. ૩૪મા દિવસે યોજાયેલા આ વિશેષ અન્નકૂટ મનોરથને સફળ બનાવવા માટે ઝુલેલાલ મંડળના અગ્રણીઓ અને સેવાભાવી કાર્યકરોએ ભારે જહેમત ઉઠાવી હતી અને સમગ્ર કાર્યક્રમ અત્યંત ધાર્મિક ઉલ્લાસ સાથે સંપન્ન થયો હતો.

# લાલપુર-કાલાવડ બાયપાસ માર્ગે મોરકંડાના પાટીયા પાસે અજાણ્યા વાહનની ટક્કરે સાયકલ ચાલકનું કરૂણ મોત

**સમય સંદેશઃ જામનગર**

લાલપુર બાયપાસથી કાલાવડ બાયપાસ તરફ જતા માર્ગ પર આવેલ મોરકંડાના પાટીયા નજીક એક માર્ગ અકસ્માતની ઘટના સામે આવી છે. જેમાં પુરપાટ ઝડપે આવી રહેલા કોઈ અજાણ્યા વાહને સાયકલ ચાલકને જોરદાર ઠોકર મારી હતી. આ અકસ્માત એટલો ગંભીર હતો કે સાયકલ ચાલકને શરીરના ભાગે જીવલેણ ઈજાઓ પહોંચતા તેમનું ઘટનાસ્થળે જ કરૂણ મોત નિપજ્યું હતું. ઘટનાને પગલે રસ્તા પરથી



તસવીરઃ હિરેન ગાંધી

પસાર થતાં રાહદારીઓ તથા સ્થાનિક લોકો એકઠા થઈ ગયા હતા અને તુરંત ૧૦૮ ઇમરજન્સી એમ્બ્યુલન્સને જાણ કરી હતી. ૧૦૮ ની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી તપાસ કરતા સાયકલ ચાલક મૃત્યુ પામ્યા હોવાનું જાહેર કર્યું હતું. નિયમ મુજબ દર્દીનું મૃત્યુ થઈ ચૂક્યું હોય ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા મૃતદેહ સ્વીકારવામાં આવ્યો ન હોતો, જેના પગલે સ્થાનિક પોલીસે ઘટનાસ્થળે પહોંચી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# જામનગરની સાધના કોલોનીમાં શ્રમિક યુવક ઉપર ચાર શખ્સોની ધોકાવાળી

**સમય સંદેશઃ જામનગર**

જામનગરના સાધના કોલોની વિસ્તારમાં રહેતા કૈશલભાઈ વિનોદભાઈ પંડ્યા નામના ૨૫ વર્ષીય યુવાન તા.૨ સપ્ટેમ્બરની રાત્રે સાડા બાર વાગ્યાના અરસામાં તેઓ સાધના કોલોનીમાં જલારામ મંદિર પાસેની ગલીના નાકે બેઠા હતા. તે દરમિયાન તેમના મિત્ર કરણભાઈ અનિલભાઈ જોગલે ફોન કરી પોતાના ન ગમતા માણસોને ઘરે ભેગા નહીં કરવા અને ઘરે નહીં લઈ જવા કહી ગાળો આપી હતી. થોડીવાર બાદ એક એક્સેસ મોટરસાઇકલ પર ભુરો, યુવરાજ અને હર્ષ નંદા નામના ત્રણ શખ્સો ત્યાં આવ્યા હતા.

યુવરાજે કમરમાંથી છરી કાઢી હતી, જ્યારે ભુરાના હાથમાં લાકડાનો ધોકો હતો. આ ત્રણેયે કૈશલભાઈને ગાળો આપી હુમલો કર્યો હતો. ભુરાએ લાકડાના ધોકાથી શરીર પર આડેધડ માર માર્યો હતો, જ્યારે ભુરો તથા હર્ષ નંદાએ ઢીકાપાટુનો માર માર્યો હતો. ત્યારબાદ ભુરાએ લાકડાનો ધોકો યુવરાજને આપતા યુવરાજે ફરિયાદીના પગ, ડાબા હાથ, વાંસાના તથા સાથળના ભાગે

અનુ પાના નં.૨ પર

# શેઠવડટાળામાં કેબલ ચોરીના ગુન્હામાં ફરાર બેલડી ઝડપાઈ



**સમય સંદેશઃ જામનગર**

જામનગર જિલ્લામાં ફરાર આરોપીઓને પકડી પાડવા પોલીસ જહેમતશીલ હતી તેવામાં એલ.સી.બી. પીઆઈ વી.બી. ચૌધરીના માર્ગદર્શન હેઠળ એબ્સકોન્ડર/પેરોલ ફર્લો સ્કવોડના ઇન્ચાર્જ પોલીસ સબ ઇન્સ્પેક્ટર એમ.વી. ભાટીયા તથા સ્ટાફ દ્વારા ફરાર આરોપીઓની શોધખોળ હાથ ધરવામાં આવી હતી.

દરમિયાન સ્કવોડના સ્ટાફને મળેલી બાતમીના આધારે શેઠવડાળા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા વાયર ચોરીના કેસમાં ફરાર આરોપીઓ કિશોર બચુભાઇ સોલંકી તથા સુનિલ કિશોરભાઇ સોલંકી (બંને રહે. બને, સિક્કા, તા.જી. જામનગર) બન્ને આરોપીઓ સિક્કા પાટિયા પાસે હાજર હોવાની ચોક્કસ બાતમીના આધારે પોલીસ ટીમે સિક્કા પાટિયા પાસે તપાસ હાથ ધરતા બંને આરોપીઓ સ્થળ પરથી મળી આવ્યા હતા. જેથી બંનેને ઝડપી પાડી આગળની કાયદેસરની કાર્યવાહી માટે જામનગરના શેઠવડાળા પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યા હતા.

# જામનગરના ભુજીયા અને લાખોટા કોઠાને જોડતો ફૂટ બ્રીજ



તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

જામનગરની એક સમયની સૌરાષ્ટ્રની સૌથી ઉચી ઈમારત ભૂજીયા કોઠાનુ રેસ્ટોરેશન, કન્ઝવેશન, કનસોલિડેશન અને સ રી પ્રોડકશનનુ કામ પુર્ણ થયા બાદ રક્ષિત સ્મારક સહેલાણીઓ માટે ખુલ્લુ મુકાયુ હતુ. મનપા દ્વારા બીજા તબકકામાં લાખોટા કોઠા પ્રવેશ દ્વારથી ભુજીયા કોઠાને જોડતા ફૂટ ઓવરબ્રિજનુ નિર્માણ કાર્ય અંતિમ તબકકામાં પહોચ્યુ છે. ૧૩ કરોડના ખર્ચે ખંભાળિયા નાકા દરવાજા ભુજીયા કોઠાં લાખોટા કોઠાને જોડતી હેરિટેજ ચેઈનની કામગીરી સંભવત વર્ષના અંત સુધીમાં પુર્ણ થશે.

# જામનગરમાં શેઠજી દેરાસરમાં પર્યુષણ નિમિત્તે ભવ્ય આંગી




તસવીરઃ હિરેન ગાંધી

જામનગરના જૈન સમાજ દ્વારા પર્યુષણ પર્વની પરંપરાગત અને આસ્થાભેર ઉજવણી થઇ રહી છે. જામનગર જૈન સમાજની શ્રધ્ધાના કેન્દ્રબિંદુ સમાન ચાંદીબજાર ખાતે આવેલા શેઠજી દેરાસરમાં બિરાજતા ભગવાનને ભવ્ય આંગી કરવામાં આવી હતી. સવંત્સરી સુધી અહિં દરરોજ મહારાજ સાહેબ દ્વારા ધાર્મિક વ્યાખ્યાન આપવામાં આવે છે. ઉપરાંત દરરોજ સાંજે ભક્તિ સંગીત પણ યોજાય છે.

# જામનગરમાં દારૂના ગુન્હામાં ફરાર શખ્સ આખરે ઝડપાયો

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરમાં પ્રોહિબિશનના ગુનામાં નાસતા ફરતા આરોપીને પકડી પાડવામાં જામનગર પેરોલ ફર્લો સ્કવોડને સફળતા મળી છે. જામનગર સિટી-સી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશનના ગુનામાં ચોપડે ચડેલો આરોપી રણજીતસિંહ ભીખુભા સોઢા (રહે. ગોકુલનગર, જામનગર)ને ઝડપી પાડી આગળની કાર્યવાહી માટે સિટી-સી ડિવિઝન પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યો છે.

એલસીબી પીઆઇ વી.બી. ચૌધરીના માર્ગદર્શન હેઠળ પેરોલ ફર્લો સ્કવોડના ઇન્ચાર્જ પોલીસ સબ ઇન્સ્પેક્ટર એમ.વી. ભાટીયા તથા સ્ટાફ દ્વારા નાસતા ફરતા આરોપીઓ અંગે જરૂરી વર્કઆઉટ કરવામાં આવી



રહ્યું હતું. દરમિયાન સ્કવોડના સ્ટાફને મળેલી બાતમીના આધારે જામનગર સિટી-સી ડિવિઝન પોલીસ સ્ટેશનના પ્રોહિબિશન કલમ ૬૫(એ)(એ) મુજબના ગુનામાં ફરાર આરોપી રણજીતસિંહ સોઢા ગોકુલનગર વિસ્તારમાં હાજર હોવાની માહિતી મળી હતી. જેના આધારે ટીમે સ્થળ પર તપાસ કરતાં આરોપી મળી આવતા તેને ઝડપી પાડવામાં આવ્યો હતો.

# જામજોધપુરના મોટા વડીયામાં જુગાર દરોડો : ચાર બાજીગરો ઝડપાયા

**સમય સંદેશઃ જામજોધપુર**

જામજોધપુરના મોટાવડીયા ગામે પોલીસે દરોડો પાડી જાહેરમાં ગંજીપતાના પાના પૈસા વડે તીનપતી પોલીસ નામનો જુગાર રમતા દેવાણંદભાઇ નારણભાઇ કરંગીયા, મનસુખભાઇ સોમાભાઇ કરંગીયા, અશોકભાઇ રામાભાઇ બરડીયાવદરા અને નીતેશભાઇ રાજશીભાઇ ભાટીયા સહિત ચાર શખ્સોને ઝડપી લીધા હતા. પોલીસે સ્થળ પરથી રૂા.૪,૫૮૦ રોકડ અને ગંજીપત્તાના પાના કબ્જે કર્યા હતા. જ્યારે અન્ય બે શખ્સો સંજયભાઇ અરજણ કરંગીયા તથા કિશોર દેવાયતભાઇ

અનુ પાના નં.૨ પર

# જામજોધપુર નજીક ઈકો કારની હડફેટે બાઈક સવાર બે ભાઈઓ ઘાયલ થયાઃ મોટાભાઈનું કરૂણ મૃત્યુ

## સતાપર ગામેથી કામ પૂર્ણ કરી પરત ફરતા સમયે ગોલાઈ પાસે નડ્યો અકસ્માત : નાના ભાઈને પણ પગમાં ઈજા

**સમય સંદેશઃ જામજોધપુર**

જામજોધપુર તાલુકાના વરવાળા ગામ નજીક ગોલાઈ પાસે એક ઇકો કારના ચાલકે પૂરપાટ ઝડપે અને બેફિકરાઈથી વાહન ચલાવી સામેથી આવી રહેલા મોટરસાઇકલને જોરદાર ટક્કર મારી હતી. આ ગંભીર અકસ્માતમાં મોટરસાઇકલ પર સવાર બે ભાઈઓ પૈકી મોટા ભાઈ મેરૂભાઈ અશોકભાઈ સાંથલપરાને માથા તથા શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા તેમનું કરૂણ મૃત્યુ નીપજ્યું હતું. જ્યારે તેમના નાના ભાઈ વિશાલ અશોકભાઈને જમણા પગના સાથળના ભાગે ઈજાઓ થઈ હતી. બંને ભાઈઓ સતાપર ગામે પોતાનું કામ પૂર્ણ કરીને પોતાના સ્પ્લેન્ડર મોટરસાઇકલ પર પરત ફરી રહ્યા હતા ત્યારે આ કાળમુખો અકસ્માત સર્જાયો હતો. ઘટનાની વિગતો મુજબ, વરવાળા ગામથી આગળ ગોલાઈ પાસે સામેથી આવી રહેલી સફેદ રંગની ઇકો કારના ચાલકે ગફલતભરી રીતે વાહન હંકારી બાઇક સાથે અકસ્માત સર્જ્યો હતો. આ બનાવ અંગે પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની તપાસ હાથ ધરી છે. હેડ કોન્સ્ટેબલ વીરેન્દ્રસિંહ રાજનસિંહ જાડેજા દ્વારા ઇકો કારના ચાલક સામે ભારતીય ન્યાય સંહિતા ની વિવિધ કલમો તેમજ મોટર વાહન અધિનિયમ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ ચલાવવામાં આવી રહી છે.

# ઓનલાઇન ટીચરની નોકરીના બહાને ખંભાળિયાની યુવતી સાથે ઓનલાઇન ફ્રોડ

**સમય સંદેશઃ ખંભાળિયા**

ખંભાળિયાના રામનાથ સોસાયટી વિસ્તારમાં ગાયત્રી મંદિર પાસે રહેતા અંજલીબેન વિનયભાઈ ચોકસી નામની ૨૩ વર્ષની યુવતીને કોઈ અજાણ્યા શખ્સએ ચોક્કસ મોબાઈલ નંબર પરથી તેણીના મોબાઈલ પર ફોન કરીને એક કંપનીના એચ.આર. ડિપાર્ટમેન્ટ માંથી પોતે બોલી રહ્યા હોવાની ઓળખ આપી હતી.

આ પછી ઉપરોક્ત મોબાઈલ નંબર ધારકે અંજલિબેનને સાદા ફોન તેમજ વોટ્સએપ કોલથી વાત કરી અને તેણીને ઓનલાઈન ટીચિંગ જોબ માટેની ઓફર કરી હતી. આ માટે આરોપી ગઠિયાએ તેણી પાસે રજીસ્ટ્રેશન, લેપટોપ અને કંપની સિસ્ટમ, લેપટોપ, લેપટોપના ઇન્સ્યોરન્સ વિગેરેના નામે અલગ અલગ રકમનું યુ.પી.આઈ. મારફતે ઓનલાઈન ટ્રાન્જેક્શન કરાવ્યું હતું.

આ રીતે આરોપી શખ્સએ ભોગ બનનાર સાથે કુલ રૂ. ૫૬,૬૪૯ નું ઓનલાઇન ફ્રોડ કર્યું હોવાનું ખુલવા પામ્યું છે. જે અંગે ખંભાળિયા પોલીસે અંજલીબેન ચોકસીની ફરિયાદ પરથી અજાણ્યા ઈસમ સામે બી.એન.એસ. તેમજ આઈ.ટી. એક્ટની જુદી જુદી કલમ હેઠળ ગુનો નોંધી, આગળની તપાસ સાયબર સેલ વિભાગના પી.આઈ. ઋષિતસિંહ રાઠોડ દ્વારા હાથ ધરવામાં આવી છે.

# જામનગરમાં દગડુશેઠના ગણપતિને સોનાના વરખ અને હીરાનો થશે શણગાર

## તુલજા ભવાની માતાજીના 'રાજે શહાજી મહાદ્વાર'ની ભવ્ય થીમ બનશે નગરજનો માટે આકર્ષણનું કેન્દ્ર



તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરમાં ગણેશોત્સવની આગવી ઓળખ ધરાવતા શ્રી દગડુશેઠ ગણપતિ સાર્વજનિક મંડળ દ્વારા સતત ૩૪મા વર્ષે ભવ્ય ગણેશ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. ભક્તિ, આસ્થા અને કલાત્મકતાના આ ઉત્સવ માટે મંડળ દ્વારા પૂરજોશમાં તૈયારીઓ ચાલી રહી છે. આ વર્ષે મંડળ દ્વારા વાંસ, કાપડ અને માટીની પરંપરાગત સામગ્રી સાથે સોનાના વરખ તથા રત્નજડિત ડાયમંડના શણગારથી સજ્જ વિશાળ ગણેશજીની આકર્ષક પ્રતિમા તૈયાર કરવામાં આવી રહી છે, જે ભક્તો માટે વિશેષ આકર્ષણનું કેન્દ્ર બનશે. મહોત્સવના ડેકોરેશનની મુખ્ય થીમ તરીકે મહારાષ્ટ્રના પ્રસિદ્ધ તુલજા ભવાની માતાજીના 'રાજે શહાજી મહાદ્વાર'ની ભવ્ય પ્રતિકૃતિ તૈયાર કરવામાં આવી રહી છે. આ મહાપ્રવેશ દ્વારની કલાત્મક રચના અને સમગ્ર મંડપના સજાવટમાં ભારતીય સંસ્કૃતિ તથા ધાર્મિક આસ્થાની ઝલક જોવા મળશે. આ ભવ્ય આયોજનને સાકાર કરવા માટે મંડળના પ્રમુખ રાજેશભાઈ નાનાણીના માર્ગદર્શન હેઠળ મંડળના કાર્યકરો અને કારીગરો છેલ્લા બે થી ત્રણ મહિનાથી સતત દિવસ-રાત ભારે પરિશ્રમ કરી રહ્યા છે.

અનુ પાના નં.૨ પર

# ખંભાળીયાના પાંચવાડી વિસ્તારમાં અજગરનું સફળ રેસ્કયુ

## ખંભાળીયાના વિરમદળ વાડી વિસ્તારમાં ૬૦ ફૂટ ઉંડા કુવામાં પડેલા મોરનું સફળ રેસ્કયુ







**સમય સંદેશઃ ખંભાળિયા**

ખંભાળિયા તાલુકાના ગ્રામ્ય પંથકમાં આવેલા પાંચવાડી વિસ્તારમાં મોડી રાત્રિના સમયે રહેણાંક વિસ્તાર નજીક અજગર સાપ દેખાતા સ્થાનિકોમાં ભયનો માહોલ સર્જાયો હતો. રાત્રિના સમયે અચાનક વિશાળકાય અજગર નજરે પડતાં સ્થાનિકોએ તાત્કાલિક એનિમલ કેર ચેરિટેબલ ટ્રસ્ટનો સંપર્ક કરી સાપને રેસ્ક્યુ કરવા માટે મદદ માંગી હતી.

આ માહિતી મળતાં અહીંના એનિમલ કેર ચેરિટેબલ ટ્રસ્ટના સભ્યો વિશેષ દેસાણી અને કુંજન શુક્લ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયા હતા. બંને સભ્યોએ સાવચેતીપૂર્વક રેસ્ક્યુ કામગીરી હાથ ધરી હતી અને ભારે જહેમત બાદ અજગર સાપને કોઈપણ પ્રકારની ઈજા પહોંચાડ્યા વિના સફળતાપૂર્વક રેસ્ક્યુ કરી લીધો હતો. અજગરનું રેસ્ક્યુ થયા બાદ તેને સુરક્ષિત સ્થળે લઈ જઈ વન્યજીવ માટે અનુકૂળ એવા કુદરતી વાતાવરણમાં મુક્ત કરવામાં આવ્યો હતો.

આ કામગીરીથી સ્થાનિકોએ રાહતનો શ્વાસ લીધો હતો. એનિમલ કેર ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા છેલ્લા ઘણા સમયથી ખંભાળિયા અને આસપાસના વિસ્તારોમાં સાપ સહિત વિવિધ વન્યજીવોના રેસ્કયુની કામગીરી કરવામાં આવી રહી છે. સંસ્થા દ્વારા લોકોને પણ અપીલ કરવામાં આવે છે કે, રહેણાંક કે જાહેર વિસ્તારમાં કોઈ વન્યજીવ દેખાય તો તેને મારવા કે નુકસાન પહોંચાડવાને બદલે તાત્કાલિક રેસ્ક્યુ ટીમનો સંપર્ક કરી જીવ બચાવવામાં સહયોગ આપે.

આ ઉપરાંત ખંભાળિયા તાલુકાના વિરમદળ વાળી વિસ્તારમાં મોડી રાત્રે રાષ્ટ્રીય પક્ષી મોર ૬૦ ફૂટ ઊંડા કૂવામાં પડી જતાં સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી હતી. રાત્રિના સમયે અંધારામાં ઊંડા કૂવામાં મોર ફસાઈ ગયો હોવાની જાણ થતાં સ્થાનિકોએ તાત્કાલિક એનિમલ કેર ચેરિટેબલ ટ્રસ્ટનો સંપર્ક કરી મદદ માંગી હતી.

મોર કૂવામાં પડી ગયાની માહિતી મળતા એનિમલ કેર ચેરિટેબલ ટ્રસ્ટની રેસ્ક્યુ ટીમ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી હતી. સ્થળ પર પહોંચેલી ટીમે પરિસ્થિતિનું નિરીક્ષણ કર્યા બાદ મોરને કોઈ ઈજા ન થાય અને સુરક્ષિત રીતે બહાર કાઢી શકાય તે માટે રેસ્ક્યુ કામગીરી હાથ ધરી હતી. આ કૂવો અંદાજે ૬૦ ફૂટ જેટલો ઊંડો હોવાથી રેસ્ક્યુ કામગીરી અત્યંત પડકારજનક બની હતી. ખાસ કરીને મોડી રાત્રે અંધારામાં ઊંડા કૂવામાં ઉતરીને મોરને બહાર કાઢવાનું કામ જોખમી હતું. તેમ છતાં એનિમલ કેર ચેરિટેબલ ટ્રસ્ટના સભ્યો રવિ વકાતર, સાગર ગઢવી અને દેશુર ધમા દ્વારા ભારે જહેમત ઉઠાવીને રેસ્ક્યુ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું હતું.

લાંબી જહેમત અને તકેદારી બાદ આખરે મોરને સુરક્ષિત રીતે કૂવામાંથી બહાર કાઢવામાં સફળતા મળી હતી. મોરને બહાર કાઢતાં જ ઉપસ્થિત લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો. રેસ્ક્યુ બાદ મોરની સ્થિતિનું નિરીક્ષણ કરી જરૂરી સંભાળ લેવામાં આવી હતી. રાત્રિના સમયે કરવામાં આવેલા આ રેસ્કયુ ઓપરેશનમાં ટ્રસ્ટના સભ્યોની હિંમત, સતર્કતા અને જીવદયા પ્રત્યેની પ્રતિબદ્ધતા જોવા મળી હતી. એક નિર્દોષ વન્યજીવનો જીવ બચાવી તેને નવજીવન આપવામાં આવતા સ્થાનિકોમાં પણ એનિમલ કેર ચેરિટેબલ ટ્રસ્ટની કામગીરીની પ્રશંસા થઈ હતી.

# જોગવડની સીમમાં જુગારધામ પર દરોડોઃ ૧૦ ઝડપાયા, ૧૫.૬૩ લાખનો મુદ્દામાલ જપ્ત

## રાજકોટ રેન્જ ડીઆઈજીની સૂચનાથી મેઘપર પડાણા પોલીસે વાડીના ઓરડામાંથી ચાલતા જુગારધામનો કર્યો પર્દાફાશ

**સમય સંદેશઃ જામનગર**

રાજકોટ રેન્જ ડીઆઈજી નિર્લિપ્ત રાયની સૂચના અને રેન્જ પીઆઈ અપૂર્વ પટેલના માર્ગદર્શન હેઠળ મેઘપર પડાણા પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ જોગવડ ગામની સીમમાં પોલીસે સફળ દરોડો પાડ્યો હતો. લાલપુર તાલુકાના જોગવડ ગામે વાડીના એક ઓરડામાં ચાલી રહેલા તીનપત્તીના જુગારધામ પરથી પોલીસે ૧૦ શખ્સોને રંગેહાથ ઝડપી પાડ્યા હતા. પીએસઆઈ સી.એમ. કાંટેલીયા અને તેમની ટીમે ટેકનિકલ એનાલિસિસ તથા ચોક્કસ બાતમીના આધારે આ મહત્વની કામગીરી પાર પાડી હતી.





તસવીરઃ હિરેન ગાંધી



પોલીસે દરોડા દરમિયાન સુમાત ગોજીયાની વાડીમાંથી જુગાર રમતાં શખ્સો પાસેથી રૂા. ૨,૩૩,૭૦૦ ની રોકડ રકમ, ૨ કાર, ૨ મોટરસાયકલ અને ૯ મોબાઈલ ફોન મળી કુલ રૂા. ૧૫,૬૩,૭૦૦ નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. દરોડા દરમિયાન ઝડપાયેલા આરોપીઓમાં સુમાત ગોજીયા, નીલેન વાઘેલા, નરેશ બંધીયા, પીયુષ બડીયાવદરા, જયદીપ રામાવત, રાજેશ કરંગીયા, વલ્લભ કરમુર, ભરત કરંગીયા, ઉમેદસીંહ ચુડાસમા અને પાલા કરમુરનો સમાવેશ થાય છે.

મેઘપર પડાણા પોલીસ મથકે તમામ ૧૦ આરોપીઓની અટકાયત કરી તેમની સામે કાયદેસરના કાનૂની પગલાં ભરવામાં આવ્યા છે. પોલીસે આ અંગે ગુનો નોંધીને આગળની વધુ તપાસ હાથ ધરી છે.

# જામનગરમાં ફલાય ઓવરબ્રીજ નીચે પબ્લીક યુરિનલ બનાવવા કોંગ્રેસની માંગ

**સમય સંદેશઃ જામનગર**

જામનગરમાં સુભાષ બ્રિજ થી સાત રસ્તા સુધીના ફલાય ઓવર બીજ નીચે જાહેર યુરીનલ બનાવવા કોગ્રેસ કાર્યકરની રજૂઆતને લઈને મહાનગરપાલિકાના તંત્ર દ્વારા સર્કલ પાસે થશે ગુરુદ્વારા સર્કલ પાસે કામ યુરીનલનું બાંધકામ શરૂ કરાતા આવનારા સમયમાં લોકોને સમસ્યામાંથી મુકિત મળશે જામનગર શહેર કોંગ્રેસ પક્ષ સંગઠન મંત્રી રેણુકાબેન જયેશભાઈ આશા એ સિટીમાં આવેલ ફલાય ઓવર જે સહુથી લાંબો છે.

તેની નીચે ગુરુદ્વાર ચોકડી થી સાત રસ્તા તરફ જતા જ્યાં અમરીશ નામની બિલ્ડીંગ આવેલ છે ત્યાં ઘણા બધા વેપારીઓ ની દુકાનો કે ઓફિસો આવેલ છે. અને મુસાફરી કરતા લોકો દ્વારા પીકાપ ડ્રોપ પોઈન્ટ તેમજ હોસ્પિટલ પોઈન્ટ તરીકે પણ વાપરવામાં આવે છે આ રસ્તામાં ક્યાય પણ કોઈપણ વ્યક્તિ માટે ખાસ કરીને મહિલાઓ માટે ફ્રેશ થવા/યુરીનલ નો ઉપયોગ કરવા માટે કોઈ

અનુ પાના નં.૨ પર

# જાહેરમાં ન્યુસન્સ ફેલાવનાર ૬૦૦થી વધુ ધંધાર્થીઓ દંડાયાઃ ૫.૫૦ લાખનો દંડ

**સમય સંદેશઃ જામનગર**

જામનગર મહાનગરપાલિકાના તંત્રને ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડના ખાસ સેલના અધ્યક્ષ એવા જિલ્લા કલેક્ટર દ્વારા ઓગસ્ટ માસમાં કચરાના મેનેજમેન્ટમાં પ્રદુષણ કાયદાના ભંગ બદલ નોટીસ આપવાની કાર્યવાહી કરવામાં આવી છે. ત્યારે ગત ઓગસ્ટ માસમાં જ મહાનગરપાલિકાના તંત્ર દ્વારા જાહેરમાં કચરો કરતા ૬૦૦ થી વધુ ધંધાર્થીઓને રૂ.૫.૫૦ લાખનો દંડ કરીને કચરાની સ્થિતિ સુધારવા કાર્યવાહી કરી છે.



તસવીરઃ હિરેન ગાંધી

મ્યુ. કમિશનર તરીકે દીપેશ કેડિઆએ ચાર્જ સંભાળ્યા બાદ સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ સુધારવા અને ભુગર્ભ ગટરની ફરિયાદો નિવારવા ઉપર તેઓએ વધુ ભાર મુક્યા બાદ મહાનગરપાલિકાના સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ દ્વારા શહેરના ૩,૮૫૦ ધંધાર્થીઓને, કોમર્શિયલ એકમોને પોતાના ધંધાના સ્થળે સ્વચ્છતા જાળવવા અને કોઈપણ જાતનું ન્યુસન્સ નહીં કરવાની ચેતવણી સાથેની નોટીસો આપવામાં આવી હતી.

તેમ છતાં તંત્રના ધ્યાને આવ્યું હતું કે, સંખ્યાબંધ દુકાનદારો પોતાની દુકાને ડસ્ટબીન રાખાતા નથી. દુકાનો બંધ કરવા વખતે કચરો રોડ ઉપર ફેકીને ચાલ્યા જાય છે. તેથી તંત્રએ આવા ધંધાર્થીઓના દ્વારે પહોંચીને

અનુ પાના નં.૨ પર

# પટેલકા ગામની વાડી શાળામાં રોકડ તથા ઇન્વર્ટરની ચોરીઃ આરોપી ઝડપાયો

**સમય સંદેશઃ કલ્યાણપુર**

કલ્યાણપુર તાલુકાના પટેલકા ગામે આવેલી કાનાધાર વાડી શાળા ૪ ના મકાનમાં ગત તા. ૨૯ ઓગસ્ટથી તા. ૩૦ ઓગસ્ટ સુધીના સમયગાળા દરમિયાન કોઈ શખ્સએ શાળાના મકાનના ઓફિસના દરવાજાનું તાળું તથા સ્ટોપર તોડી, રૂમમાં અપ પ્રવેશ કર્યો હતો.

અનુ પાના નં.૨ પર



# જામનગરમાં સિટી બી પોલીસનું કોમ્બિંગ-પેટ્રોલિંગ : સિનિયર સિટીઝનો સાથે સંવાદ



તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ વધુ સુદઢ બનાવવા સિટી બી પોલીસ સ્ટેશન દ્વારા સંત કબીર આવાસ તથા વિનાયક પાર્ક સોસાયટી વિસ્તારમાં કોમ્બિંગ અને પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું હતું. કોમ્બિંગ દરમિયાન પોલીસે વિસ્તારમાં રહેતા સિનિયર સિટીઝનોની મુલાકાત લઈ તેમની સાથે સંવાદ કર્યો હતો. ઉપરાંત સોસાયટીના આગેવાનો અને સ્થાનિક રહેવાસીઓ સાથે પણ મુલાકાત કરી વિસ્તારની સુરક્ષા અને કાયદો-વ્યવસ્થાને લગતા વિવિધ મુદ્દાઓ અંગે ચર્ચા કરવામાં આવી હતી. પોલીસ દ્વારા સ્થાનિક રહેવાસીઓને કોઈપણ ઈમરજન્સીની સ્થિતિમાં ૧૧૨ ઈમરજન્સી હેલ્પલાઇનનો ઉપયોગ કરવા અંગે જરૂરી માહિતી અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

રહેણાંક વિસ્તારમાં કોઈ

અનુ પાના નં.૨ પર

# ઓખાના આસામી સાથે દ્વારા રૂ. ૧.૮૫ લાખનું ઓનલાઈન ચિટિંગ

**સમય સંદેશઃ ઓખા**

ઓખાના બર્માશલ ક્વાર્ટર વિસ્તારમાં મફતિયા પ્લોટ ખાતે રહેતા અનવરભાઈ ઈશાભાઈ ચાવડા ગામના ૨૭ વર્ષના મુસ્લિમ યુવાને પોતાના પિતાના સેવિંગ એકાઉન્ટથી ફોન-પે યુ.પી.આઈ. એક્ટિવ કરાવ્યું હતું. જેમાંથી તેમની જાણ બહાર કોઈ આસામીએ તા. ૨૪ ઓગસ્ટના રોજ ૯૧,૦૦૦ તથા ૨૫ ઓગસ્ટ ના રોજ રૂ. ૯૪,૦૦૦ નું ટ્રાન્જેક્શન કરી લીધું હતું. આમ, અજાણ્યા શખ્સોએ યેનકેન પ્રકારે કુલ રૂ. ૧,૮૫,૦૦૦ ની રકમ મેળવી લઈ, છેતરપિંડી કરી હોવા અંગેની ધોરણસર ફરિયાદ અનવરભાઈ ચાવડાએ ઓખા મરીન પોલીસમાં નોંધાવી છે. જે સંદર્ભે આગળની તપાસ સાયબર સેલ અસલ વિભાગના પી.આઈ. રાઠોડ દ્વારા શરૂ કરી, આરોપીની શોધખોળ હાથ ધરવામાં આવી છે.

# જામનગરમાં ગણેશ મૂર્તિના વિસર્જન માટે બે કુંડનું નિર્માણ

**સમય સંદેશઃ જામનગર**

જામનગરમાં અનેક સ્થળોએ તેમજ અનેક ઘરોમાં ગણેશજીની સ્થાપના કરવામાં આવતી હોય છે આ ગણેશજીના સ્થાપના બાદ તેના વિસર્જન માટે બે સ્થળો એ કુંડનુંનું નિર્માણ કર્યું છે . સર્વે શહેરીજનોને જણાવવાનું કે આગામી ''શ્રી ગણેશ મહોત્સવ - ૨૦૨૬'' અન્વયે શ્રી ગણેશજીની મૂર્તિઓના વિસર્જન માટે મહાનગરપાલિકા દ્વારા (૧) સમર્પણ સર્કલ થી બાયપાસ ચોકડી પાસે એરપોર્ટ રોડ અને (૨) સરદાર રિવેરા સોસાયટી, લાલપુર બાયપાસ પાસે, રણજીત સાગર રોડ, બે જગ્યાએ વિસર્જન કુંડ બનાવવામાં આવશે. જેની સર્વે શહેરીજનો એ નોંધ લઈ તમામ મૂર્તિઓને આ આ વિસર્જન કુંડમાં વિસર્જિત કરવા અને પર્યાવરણની જાળવણીમાં સહભાગી થવા મહાનગરપાલિકા તંત્ર દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

અનુ પાના નં.૨ પર

PRINTER / PUBLISHER / OWNED BY RATHOD ASHOK LALJI * PRINTED AT TIRTH PRINTING PRESS, PLOT NO. H-1112, UDHYOG, GIDC, B/H.GANPATI MANDIR, LALPUR CHOKDI, JAMNAGAR, DIST.: JAMNAGAR, GUJARAT. * PUBLISHED AT SADHNA COLONY, GATE NO.1, OPP. JALARAM MANDIR, PLOT NO.3, NEAR L-4, RANJITSAGAR ROAD, JAMNAGAR-361005.
EDITOR : RATHOD ASHOK LALJI * Mo.No:8866066060 E-MAIL :samaysandeshnewstv@gmail.com